# "ચીલ્ડ્રન વીથ લર્નીંગ ડીફીકલ્ટીઝ એન્ડ હાઉ ટુ હેલ્પ" ઉપર પાટણ ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ ખાતે સેમીનાર યોજાયો

પાટણ

દુનિયામાં દરેક બાળક પરિપુર્ણ હોતા નથી આમ છતાં દરેક બાળકમાં વિવિધ પ્રકારની આવડતો હોય છે જે વિકસાવવા માટે પાટણ ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ ખાતે બે દિવસનો સેમીનાર યોજવામાં આવેલ છે.



મુંબઈથી ખાસ સેમિનાર માટે આવેલા શ્રીમતી બેલારાજા જેઓ બાળકોને ભણવામાં પડતી' તકલીફો અને એ તકલીફો નો શીક્ષકો તેમજ માઁ બાપ દ્વારા નિકળતો અલગ મતલબ તેને શોધી કાઢવાનો ઉપાય તે વિષય ઉપર બે દિવસનો સેમીનાર પાટણ ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ ખાતે રાખવામાં આવેલ છે. આ સેમીનારમાં કેટલીક વાર બાળક લખે કંઈક અને બોલે કંઈક તે ઉપરાંત બાળક લખી ન શકે પરંતુ તે જવાબ તે કડકડાટ બોલી શકે જેને શીક્ષકો દ્વારા આવા બાળકોને મંદ બુદ્ધિમાં ખપાવતા હોય છે જ્યારે હકીકતમાં આવા બાળકો મંદ બુદ્ધિના નહી પરંતુ તેઓ ની સમજ શકતી ખુબજ છે. પરંતુ તેનો યોગ્ય ઉપયોગ ન થતો હોવાના કારણે તેનો જુદોજ અર્થ કાઢવામાં આવતો હોય છે આ ઘટના જે બને છે તેને શોધી કાઢે તેનો શુ ઉપાય છે તે સંદર્ભે ''કાઉન્સીલર એન્ડ સ્પેશ્યલ એજ્યુકેટર'' ની ડીગ્રી ધારણ કરી મુંબઈ ખાતે છેલ્લા ૧૩ વર્ષથી પ્રાઈવેટ પ્રેકટીસ કરતા શ્રીમતી બાલારાજા ખાસ પાટણની મુલાકાતે આવી બે દીવસના સેમીનારમાં શિક્ષકો તેમજ બાળકોના વાલીઓને આ સંદર્ભે ખાસ ઉપાય દર્શાવવાના છે. આ પ્રકારના બાળકો બુદ્ધિશાળી હોય છે પરંતુ તેઓમાં રહેલ આ ખામી જને લર્નીંગ ડીફીકલ્ટી કહેવામાં આવે છે તેની ઉણપ દુર કરવાના હેતુથી આ સેમીનાર રાખવામાં આવેલ છે. આવા બાળકો ની આપણે મદદ કરવી જોઈએ તેવા ઉમદા વિચારો ધરાવતા શ્રીમતી બાલારાજાની આજરોજ સવારે '૯-૦૦ થી બપોરે ૨-૦૦ કલાક સુધી આ વિષય ઉપર વાલીઓને સંબોધશે.